eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

**Issue 100**
**May 4, 2007**

## સુરત મહાનગર સેવાસદન ૨૦૦૬ માં ક્ષય નિયંત્રણ ડોટસની શ્રેષ્ઠ કામગીરી માટે સીટી ટીબી ઓફિસરને એવોર્ડ

રત મહાનગર સેવાસદન વિસ્તારમાં ક્ષય નિયંત્રણ કાર્યક્રમ ડોટસ સને ૨૦૦૦ થી કાર્યરત છે. તથા કાર્યક્રમમાં ક્ષયના તમામ દર્દીઓને દર્દી સાજો થાય ત્યાં સુધીની સંપૂર્ણ લાગણી સભર માવજત હેઠળ દેખરેખ રાખવામાં આવે છે, દર્દી અધવચ્ચે સારવાર લેવા ન આવે તો તેના ઘરે જઈ સમજાવી ફરી સારવાર પર લાવી સંપૂર્ણ સાજો કરવામાં આવે છે. સદર કાર્યક્રમ સુરત મહાનગર સેવા સદનના તમામ અર્બન હેલ્થ સેન્ટર પર વિના મુલ્યે અમલમાં છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા આરોગ્યલક્ષી કરવામાં આવેલ કામગીરી

સુરત મહાનગર સેવાસદનનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મુખ્ય કચેરી તેમજ વિવિધ ઝોન દ્વારા મેલેરીયા,ડેંગ્યુ,ફાઈલેરીયા રોગની ઉત્પત્તિ અટકાવવા માટે સુરત મહાનગર સેવાસદનના હદ વિસ્તારમાં વેકટર બોર્ન ડીસીઝ કંટ્રોલની કામગીરી કરવામાં આવે છે. જેવી કે ઘરે ઘરે સર્વે કરી તાવના કેસની સ્લાઈડનું કલેકશન, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક, બ્રિડીંગ ચેક અપ, એન્ટીલાર્વલ, ફોગીંગ તેમજ ખુલ્લા જોવા મળેલ પાણીના ભરેલા કન્ટેઈનરને ઉચકવાની કામગીરી કરવામાં આવે છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## "નિર્મળ ગુજરાત ૨૦૦૭" અંતર્ગત પશ્ચિમ ઝોન(રાંદેર)ની નવા વિસ્તારમાં સફાઈ ઝુંબેશની કામગીરી

"નિર્મળ ગુજરાત ૨૦૦૭" અંતર્ગત પશ્ચિમ ઝોન(રાંદેર) માં સુરત શહેરમાં સમાવિષ્ટ નવા વિસ્તાર વરીયાવ ગામમાં સૌપ્રથમ વખત તમામ ગ્રામજનોમાં સફાઈ અંગે જાગૃતી આવે તે હેતુસર મ્યુ.સભ્યશ્રીઓ, ચેરમેનશ્રીઓ તથા ઝોનલ ચીફ, કાર્યપાલક ઈજનેર, આસી.આરોગ્ય અધિકારી, આકારણી અધિકારી સહિતના તમામ વિભાગના અધિકારીગણ અને ગામમાં રહેતા તમામ આબાલ વૃધ્ધો, યુવાનો તથા બાળકો અને મહિલાઓ સહિત જનજાગૃતિ સફાઈ અભિયાનની પ્રભાતફેરી ફેરવવામાં આવેલ.



વધુ માટે કલીક કરો >>>>>>

## વ્યવસાય વેરા ઝુંબેશ હેઠળ રાંદેર ઝોનની કામગીરી



ગુજરાત સરકાર નાણાં વિભાગના તા.૩૦/૩/૨૦૦૭ ના હુકમ અનુસાર વ્યવસાય વેરા સમાધાન યોજના–૨૦૦૭ અંતર્ગત આજરોજ તા.૨૬/૪/૨૦૦૭ના રોજ વેસ્ટ ઝોન(રાંદેર) ખાતે ઝુંબેશ મેળો યોજવામાં આવેલ જેમા ૬૮ વ્યવસાયીઓ નવા નોંધી તે પેટે રૂા.૪૮,૭૫૦/–વસુલ લેવામા આવેલ છે. તેજ પ્રમાણે તા.૩૦/૪/૨૦૦૭ના રોજ સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન ખાતે સમાધાન યોજના અનવ્યે ઝુંબેશ મેળાનું આયોજન કરવામાં આવેલ છે અને તે પેટેરૂા.૭૯,૬૦૦/–વસુલાત કરવામાં આવેલ છે. તથા જુના રજીસ્ટ્રેશન પેટે કુલ ૧૫ વ્યવસાયકર્તા એ રૂા.૨૦,૨૫૦/– જમા કરાવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## વ્યવસાય વેરા ઝુંબેશ હેઠળ કતારગામ ઝોનની કામગીરી

ગુજરાત સરકાર નાણાં વિભાગના તા.૩૦/૩/૨૦૦૭ ના હુકમ અનુસાર વ્યવસાય વેરા સમાધાન યોજના–૨૦૦૭ અંતર્ગત તા.૨/૫/૨૦૦૭ના રોજ નોર્થ (કતારગામ) ઝોન ખાતે ઝુંબેશ મેળો યોજવામાં આવેલ. આ સમાધાન યોજના અંગે વિસ્તૃત જાણકારી/માહિતી આપી બાકી વ્યવસાયકર્તાઓને તા.૩૧/૫/૨૦૦૭ સુધીમાં નવા રજિસ્ટ્રેશન કરાવવા અને વ્યવસાય વેરો ભરપાઈ કરવા ડેપ્યુટી કમિશનર(પ.અને ઈ.) અને નોડલ ઓફિસર (વ્યવસાય વેરા) શ્રી સી.જે.ગામીતે અપીલ કરી હતી.



વધુ માટે કલીક કરો >>>>>>

## વ્યવસાય વેરા ઝુંબેશ હેઠળ અઠવા ઝોનની કામગીરી



ગુજરાત સરકાર નાણાં વિભાગના તા.૩૦/૩/૨૦૦૭ ના હુકમ અનુસાર વ્યવસાય વેરા સમાધાન યોજના–૨૦૦૭ અંતર્ગત આજરોજ તા.૨૬/૪/૨૦૦૭ના રોજ વેસ્ટ ઝોન(રાંદેર) ખાતે ઝુંબેશ મેળો યોજવામાં આવેલ જેમા ૬૮ વ્યવસાયીઓ નવા નોંધી તે પેટે રૂા.૪૮,૭૫૦/–વસુલ લેવામા આવેલ છે. તેજ પ્રમાણે તા.૩૦/૪/૨૦૦૭ના રોજ સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન ખાતે સમાધાન યોજના અનવ્યે ઝુંબેશ મેળાનું આયોજન કરવામાં આવેલ છે અને તે પેટેરૂા.૭૯,૬૦૦/–વસુલાત કરવામાં આવેલ છે. તથા જુના રજીસ્ટ્રેશન પેટે કુલ ૧૫ વ્યવસાયકર્તા એ રૂા.૨૦,૨૫૦/– જમા કરાવેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગર સેવાસદનના યુ. સી. ડી. કેન્દ્ર ધ્વારા એસ.જે.એસ.આર.વાય.ના લાભાર્થીઓને પ્રમાણપત્ર, એવોર્ડ, વિતરણ

'નિર્મળ ગુજરાત નિર્મળ સુરત– ૨૦૦૭'ની ચાલુ વર્ષના ઉજવણી અંતર્ગત તા.૧૪ એપ્રિલ આંબેડકર જયંતિથી ૧લી મે ગુજરાત રાજય સ્થાપના દિન નિમિત્તે સુરત મહાનગર સેવા સદન દ્વારા સરકારશ્રીની સુચના અન્વયે યોજવામાં આવેલ સફાઈ અને સ્વચ્છતાના અભિયાનો તેમજ શહેરી ગરીબોની કલ્યાણકારી યોજના અંગેના કાર્યક્રમો પૈકી તા.૨૭/૪/૨૦૦૭ના શુક્રવારના રોજ યુ.સી.ડી. સમુદાય કેન્દ્ર,ખટોદરા મુકામે માન.મેયરશ્રી ડો.કનુભાઈ માવાણીના અધ્યક્ષ પદે યોજાયેલ. . .



વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગર સેવાસદન ૨૦૦૬ માં ક્ષય નિયંત્રણ ડોટસની શ્રેષ્ઠ કામગીરી માટે સીટી ટીબી ઓફિસરને એવોર્ડ

સુરત મહાનગર સેવાસદન વિસ્તારમાં ક્ષય નિયંત્રણ કાર્યક્રમ ડોટસ સને ૨૦૦૦ થી કાર્યરત છે. તથા કાર્યક્રમમાં ક્ષયના તમામ દર્દીઓને દર્દી સાજો થાય ત્યાં સુધીની સંપૂર્ણ લાગણી સભર માવજત હેઠળ દેખરેખ રાખવામાં આવે છે, દર્દી અધવચ્ચે સારવાર લેવા ન આવે તો તેના ઘરે જઈ સમજાવી ફરી સારવાર પર લાવી સંપૂર્ણ સાજો કરવામાં આવે છે. સદર કાર્યક્રમ સુરત મહાનગર સેવા સદનના તમામ અર્બન હેલ્થ સેન્ટર પર વિના મુલ્યે અમલમાં છે.

સદર કાર્યક્રમમાં તમામ પ્રકારનું સુપરવિઝન, મોનિટરીંગ, ઈવેલ્યુએશન, તાલીમ, લોકજાગૃતિ અંગેના કાર્યક્રમો,પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ, સ્લમ વિસ્તારો માટે ખાસ પેકેજ, આંગણવાડી વર્કરો દ્વારા પણ ડોટસ સેન્ટર વિગેરે ક્ષેત્રોમાં રાજયભરમાં શ્રેષ્ઠ કામગીરી માટે સુરત મહાનગર સેવાસદનના સીટી ટીબી ઓફિસર ડાં.કે.એન.શેલડીયાને માન. આરોગ્યમંત્રીશ્રીના પ્રમુખપદે ''વિશ્વ ક્ષય દિન'' તા.૨૪/૩/૦૭નાં રોજ અમદાવાદ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં એવોર્ડ તેમજ સર્ટીફીકેટ એનાયત કરવામાં આવ્યા છે. સુરત શહેરનાં તમામ નાગરીકો, પ્રાઈવેટ ડોકટરો, અન્ય સેવાભાવી સંસ્થાઓ તમામને આથી અપીલ કરવામાં આવે છે કે કોઈ પણ આપના સ્વજનો, મિત્રો, સગાવહાલા, પડોશીઓ, કારીગરો કે અન્ય સ્ટાફ કોઈને પણ ટીબી હોય તે ફકત ''ડોટસ'' ની શ્રેષ્ઠ સારવાર જ અપાવે જે તમામ હેલ્થ સેન્ટરો પર વિના મૂલ્યે ઉપલબ્ધ છે.

TOP

# વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા આરોગ્યલક્ષી કરવામાં આવેલ કામગીરી

સુરત મહાનગર સેવાસદનનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મુખ્ય કચેરી તેમજ વિવિધ ઝોન દ્વારા મેલેરીયા,ડેંગ્યુ,ફાઈલેરીયા રોગની ઉત્પત્તિ અટકાવવા માટે સુરત મહાનગર સેવાસદનના હદ વિસ્તારમાં વેકટર બોર્ન ડીસીઝ કંટ્રોલની કામગીરી કરવામાં આવે છે. જેવી કે ઘરે ઘરે સર્વે કરી તાવના કેસની સ્લાઈડનું કલેકશન, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક, બ્રિડીંગ ચેક અપ, એન્ટીલાર્વલ, ફોગીંગ તેમજ ખુલ્લા જોવા મળેલ પાણીના ભરેલા કન્ટેઈનરને ઉચકવાની કામગીરી કરવામાં આવે છે.

વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા તારીખ ૨૫–૦૪–૨૦૦૭ ના રોજ કુલ ૧,૩૬૫ જેટલી વ્યકિતઓનાં લોહીનાં નમુના (તાવના કેસની સ્લાઈડ) ઓ લેવામાં આવેલ. ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે દરમ્યાન કુલ ૪૧,૨૩૫ ઘરોમાંથી કુલ ૩૭૭, બ્રિડીગ શોધવામાં આવ્યા. જેમાં એનોફીલીસ ૧૪૦, એડીસ ૧૯૨, કયુલેકસ ૧૨, અને મીશ્ર ૩૩, બ્રિડીંગ મળેલ. સર્વે દરમ્યાન મળી આવેલ તમામ બ્રિડીંગોનો તેલ /કરોસીન નંખાવી નાશ કરાવવામાં આવેલ છે. પેરીડોમેસ્ટીક (એન્ટીલાર્વલ) સર્વે દરમ્યાન કુલ ૧૬૧, બ્રિડીંગ શોધવામાં આવ્યા. જેમાં એનોફીલીસ ૩૩, એડીસ ૯, કયુલેકસ ૮૯, અને મીશ્ર ૩૦, બ્રિડીંગ મળેલ. એન્ટીલાર્વલની કામગીરી દરમ્યાન મળી આવેલ તમામ બ્રિડીંગોનો જંતુનાશક દવા છંટકાવ કરાવી નાશ કરાવવામાં આવેલ છે. એડીસ મચ્છરોનું ઉદ્દભવસ્થાન ઘરની અંદર પાણીના ભરેલા વાસણો જેવા કે ટાયર, નકામા ડબ્બા, કેરબામાં વધારે જોવા મળતુ હોય, વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા કુલ ૪૬૧ ટાયરો, ૫૫ કેરબા, ૪ ડ્રમ, ૮૪ માટલા, ૪૮ પ્લાસ્ટીક ડબ્બા, ૭ માટીના વાસણો અને ૧૪૪ અન્ય કન્ટેઈનર મળી કુલ ૮૦૩ કન્ટેઈનર ઉચકી તેનો નાશ કરવામાં આવેલ છે.

જે ઈસમોએ બ્રિડીંગ દૂર કરવામાં બેકાળજી દર્શાવેલ હોય, તેવા ઈસમોને કુલ ૧૬૬, નોટીસ આપવામાં આવી તેમજ રૂા.૫,૦૫૦–૦૦ વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગનાં ૮૫,હેન્ડીસેટ ફોગીંગ મશીનો દ્વારા ઈનડોર ફોગીંગ તેમજ ૬, જીપ માઉન્ટેડ ફોગીંગ મશીનો દ્વારા આઉટડોર ફોગીંગની કામગીરી કરવામાં આવી. જે વિસ્તારમાં પાણીનો યોગ્ય નિકાલ થઈ શકે તેમ ન હોય તો તેવા ૬૧, સ્થળોએ પોરા ભક્ષક માછલીઓ છોડવામાં આવી, તેમજ ૩૦૮, બમંધકામો ચેક કરવામાં આવ્યા.

TOP

## "નિર્મળ ગુજરાત ૨૦૦૭" અંતર્ગત પશ્ચિમ ઝોન(રાંદેર)ની નવા વિસ્તારમાં સફાઈ ઝુંબેશની કામગીરી



"નિર્મળ ગુજરાત ૨૦૦૭" અંતર્ગત પશ્ચિમ ઝોન(રાંદેર) માં સુરત શહેરમાં સમાવિષ્ટ નવા વિસ્તાર વરીયાવ ગામમાં સૌપ્રથમ વખત તમામ ગ્રામજનોમાં સફાઈ અંગે જાગૃતી આવે તે હેતુસર મ્યુ.સભ્યશ્રીઓ, ચેરમેનશ્રીઓ તથા ઝોનલ ચીફ, કાર્યપાલક ઈજનેર, આસી.આરોગ્ય અધિકારી, આકારણી અધિકારી સહિતના તમામ વિભાગના અધિકારીગણ અને ગામમાં રહેતા તમામ આબાલ વૃધ્ધો, યુવાનો તથા બાળકો અને મહિલાઓ સહિત જનજાગૃતિ સફાઈ અભિયાનની પ્રભાતફેરી ફેરવવામાં આવેલ. તા.૧૪/૦૪/૨૦૦૭ના શનિવારના રોજ સવારે ૯:૦૦ કલાકે આ ફેરી વરીયાવ બસ સ્ટેન્ડ ખાતે થી ગોઠવવામાં આવેલ. રેલી શરૂ કરતા પહેલા વરીયાવ બસ સ્ટેન્ડ ખાતે વરીયાવ ગામના નાગરિકોને રેલીમાં જોડાવા જાહેર અપીલ કરેલ.

જાહેર અપીલના સંદર્ભમાં વરીયાવ ગામના માજી.સરપંચ, ગ્રમસભાના માજી.સભ્યશ્રીઓ તથા નાગરિકો ભેગા થયેલ. ઉપરોકત રેલી શરૂ કરતા પહુલા " નિર્મળ ગુજરાત –૨૦૦૭" અન્વયે ગામ–શહેર, શેરી, મહોલ્લા તથા નદીનાળા વિગેરે સ્વચ્છ રાખવા સંદર્ભે જાહેર સંકલ્પ પત્રનું પઠન કરવામાં આવેલ. ત્યારબાદ આ સ્થળેથી સફાઈ અંગેના બેનરોથી અને ઢોલ ત્રાસા સહિત સફાઈ અંગેના આરોગ્યલક્ષી શિક્ષણને લગતી પત્રીકાઓ ઘરે ઘરે વિતરણ કરવામાં આવેલ. આ રીતે વરીયાવ ગામમાં બસ સ્ટેન્ડ વિસ્તાર, સિદ્દૃત મહોલ્લો, રેશનમ મહોલ્લો, મોહંમદ ફળીયુ, મદ્દેસા ફળીયુ, પંચાયત વિસ્તાર, કોમ્યુનીટી હોલ વિસ્તાર, હરીજનવાસ, હળપતિવાસ વિગેરે વિસ્તારો માંથી પ્રચાર ગાડી ઢ ોલત્રાસા સાથે મોટી સંખ્યામાં રેલી કાઢવામાં આવેલ.

પ્રભાતફેરીની રેલી ઉપરાંત આ દિવસે સમગ્ર વરીયાવ ગામમાં તામામ શેરી મહોલ્લોઓમાં સ્ક્રેપીંગ–બ્રશીંગ સફાઈ, અગત્યના માર્ગો ઉપર પેચકામ તથા નાળા વિસ્તારો વિગેરેમાં જંતુનાશક દવાઓનો છંટકાવ પણ સમગ્ર દિવસ કરવામાં આવેલ. અંતે, રેલીનું સમાપન પંચાયત ઓફીસે કરવામાં આવેલ અને પંચાયત ઓફીસમાં પશ્ચિમ ઝોનના વિવિધ વિભાગના અધિકારીઓને હાજર રાખી ગામજનોના પ્રશ્નો પણ સાંભળી તેનો નિકાલ લાવવા જરૂરી સમજ આપવામાં આવેલ.

ઉપરોકત પ્રભાત રેલીના નવા વિસ્તાર વરીયાવ ગામમાં સફળ આયોજન થી આરોગ્ય વિષયક શિક્ષણ ગામમાં તમામ સ્તરે પહોંચાડવામાં આવેલ.

TOP

## વ્યવસાય વેરા ઝુંબેશ હેઠળ રાંદેર ઝોનની કામગીરી



ગુજરાત સરકાર નાણાં વિભાગના તા.૩૦/૩/૨૦૦૭ ના હુકમ અનુસાર વ્યવસાય વેરા સમાધાન યોજના–૨૦૦૭ અંતર્ગત આજરોજ તા.૨૬/૪/૨૦૦૭ના રોજ વેસ્ટ ઝોન(રાંદેર) ખાતે ઝુંબેશ મેળો યોજવામાં આવેલ જેમા ૬૮ વ્યવસાયીઓ નવા નોંધી તે પેટે રૂ.૪૮,૭૫૦/–વસુલ લેવામા આવેલ છે.

તેજ પ્રમાણે તા. ૩૦/૪/૨૦૦૭ના રોજ સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન ખાતે સમાધાન યોજના અનવ્યે ઝુંબેશ મેળાનું આયોજન કરવામાં આવેલ છે અને તે પેટેરૂ.૭૯,૬૦૦/–વસુલાત કરવામાં આવેલ છે. તથા જુના રજીસ્ટ્રેશન પેટે કુલ ૧૫ વ્યવસાયકર્તા એ રૂ.૨૦,૨૫૦/– જમા કરાવેલ છે.



આજ રોજ સાઉથવેસ્ટ (અઠવા)ઝોન ખાતે સમાધાન યોજનાની વિસ્તૃત જાણકારી/માહિતી આપી વ્યસાયકર્તાઓને રજીસ્ટ્રેશન કરાવવા ડેપ્યુટી કમિશ્નર (પ.અને.ઈ) અને નોડલ ઓફિસર (વ્યવસાય વેરા) શ્રી સી.જે.ગામીતે અપીલ કરેલ છે. તેમજ ડેપ્યુટી કમિશ્નર (સ્પે.)શ્રી પ્રદિપસિંહ ઝાલા દ્વારા બાકી રહેલા વ્યવસાયકર્તાઓ તાકીદે વ્યવસાયવેરો ભરવા અને આ યોજનાનો લાભ લેવા અપીલ કરેલ છે ઝુંબેશ મેળામાં ઝોનલ ઓફિસરશ્રી કે. એસ.દેસાઈ, એસેસમેન્ટ એન્ડ રીકવરી ઓફિસરશ્રી બી.એલ. પટેલ,મુખ્ય દુકાનધારા નિરીક્ષકશ્રી ડી.સી.પટેલ,ગુમાસ્તાધારા નિરીક્ષકો તથા અન્ય સ્ટાફ હાજર રહી આ ઝુંબેશને સફળ બનાવી હતી.

વ્યવસાય વેરા સમાધાન યોજના –૨૦૦૭ અન્વયે જે વ્યવસાયીઓ પોતાનો વ્યવસાય વેરો ભરવાનો રહી ગયો હોય તેવા વ્યવસાયીઓને તા.૩૧/૫/૨૦૦૭ સુધી તેઓનો વ્યવસાય વેરો ભર્યેથી વ્યાજ તેમજ દંડની રકમ ભરવામાંથી મુકિત આપવામાં આવેલ છે.

આ સમાધાન યોજના હેઠળ ખાસ ઝુંબેશ મેળો આગામી દિવસોમાં તા.૨/૫/૨૦૦૭ ના રોજ નોર્થ(કતારગામ)ઝોન ખાતે , તા.૫/૫/૨૦૦૭ ના રોજ સેન્ટ્રલ ઝોન ખાતે, તા.૮/૫/૨૦૦૭ ના રોજ ઈસ્ટ(વરાછા)ઝોન ખાતે, તા.૯/૫/૨૦૦૭ ના રોજ સાઉથ(ઉધના)ઝોન ખાતે તથા તા.૧૧/૫/૨૦૦૭ ના રોજ સાઉથઈસ્ટ(લિંબાયત)ઝોન મુકામે યોજાશે.જેમા આ યોજનાનો લાભ લેવા વ્યવસાય વેરો ભરવા તમામ વ્યવસાયીઓને વ્યાજ અને દંડ માંથી મુકિત મેળવી યોજનાનો લાભ લેવા અપીલ/વિનંતી કરવામાં આવેલ.

TOP

# વ્યવસાય વેરા ઝુંબેશ હેઠળ કતારગામ ઝોનની કામગીરી

ગુજરાત સરકાર નાણાં વિભાગના તા.૩૦/૩/૨૦૦૭ ના હુકમ અનુસાર વ્યવસાય  વેરા સમાધાન યોજના–૨૦૦૭ અંતર્ગત  તા.૨/૫/૨૦૦૭ના રોજ નોર્થ (કતારગામ) ઝોન ખાતે ઝુંબેશ મેળો યોજવામાં આવેલ. આ સમાધાન યોજના અંગે વિસ્તૃત જાણકારી/માહિતી આપી બાકી વ્યવસાયકર્તાઓને તા.૩૧/૫/૨૦૦૭ સુધીમાં નવા રજિસ્ટ્રેશન કરાવવા અને વ્યવસાય વેરો ભરપાઈ કરવા ડેપ્યુટી કમિશનર(પ.અને ઈ.) અને નોડલ ઓફિસર (વ્યવસાય વેરા) શ્રી સી.જે.ગામીતે અપીલ કરી હતી. વધુમાં તેઓએ વ્યવસાય વેરા સંબંધી વધુ માહિતી આપતા જણાવ્યુ હતુ કે,તા.૧/૧૦/૨૦૦૬ થી અત્યારસુધીમાં નવી ૫૩૦૧૦ જેટલી નવી નોંધાયેલ સંસ્થાઓ પાસેથી અંદાજીત કુલ રૂ).૫,૭૦,૦૦,૦૦૦/– વસુલાત કરવામાં આવેલ છે તથા આ સમાધાન યોજનાનો બાકી કરદાતાઓ મહત્તમ લાભ લ્યે તે માટે તેઓ તરફથી અપીલ કરવામાં આવેલ છે. આ પ્રસંગે મુખ્ય દુકાનધારા નિરીક્ષકશ્રી ડી.સી.પટેલે વ્યવસાય વેરા સમાધાન યોજના–૨૦૦૭ અન્વયે જે વ્યવસાયીઓ પોતાનો વ્યવસાય વેરો ભરવાનો રહી ગયેલ હોય તેવા વ્યવસાયઓને તા.૩૧/૫/૨૦૦૭ સુધી તેઓને  વ્યવસાય વેરો ભર્યેથી વ્યાજ તેમજ દંડની રકમ ભરવામાંથી મુકિત આપવામાં આવનાર હોવાનું તથા હાજર રહેલવ્યવસાયકર્તાઓને પણ તેઓનો તથા આસપાસની સંસ્થાઓ કે મિત્ર, સંબંધીઓને પણ આ સમાધાન ગોજનાની જાણકારી આપી વ્યવસાયવેરો ભરાવવા અંગે અપીલ કરી હતી. ઝોનલ ઓફિસર શ્રી એ. જી.ખાટીવાલાએ પણ ઉપસ્થિત વ્યવસાયકર્તાઓને માર્ગદર્શન આપી અન્યને પણ આ સમાધાન યોજનાનો લાભ લેવા અપીલ કરેલ. આ પ્રસંગે એસેસમેન્ટ એન્ડ રીકવરી ઓફિસરશ્રી શીરીષભાઈ નાયક, ગુમાસ્તાધારા નિરીક્ષકો તથા અન્ય સ્ટાફ હાજર રહી આ ઝુંબેશને સફળ બનાવવા પ્રયત્નો કર્યો હતા.

આજ રોજ તા.૦૨/૦૫/૨૦૦૭ નાં રોજ નોર્થ (કતારગામ) ઝોન ખાતે સમાધાન યોજના અન્વયે ઝુંબેશ મેળાનું આયોજન કરવામાં આવેલ જેમાં કેલ : ૧૫૧ વ્યવસીયીઓએ નવા રજીસ્ટ્રેશન કરી તે પેટે અંદાજે રૂા.૨,૨૦,૦૫૦/– વસુલાત કરવામાં આવેલ છે.



આ અગાઉ વ્યવસાય વેરા સમાધાન યોજના –૨૦૦૭ અંતર્ગત તા.૨૬/૪/૨૦૦૭નાં રોજ વેસ્ટ (રાંદેર) ઝોન ખાતે ઝુંબેશ મેળો યોજી જેમાં ૬૮ વ્યવસાયયો નવા નોધી તે પેટે રૂા. ૪૮,૭૫૦/–વસુલ લેવામાં આવેલ છે તથા તા.૩૦/૪/૨૦૦૭નાં રોજ સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન ખાતે કુલ ૫૦ વ્યવસાયીઓ તરફથી નવા રજીસ્ટ્રેશન કરી કુલ રૂા.૯૯,૮૫૦/– વસુલાત કરવામાં આવેલ છે.

આ સમાધાન યોજના હેઠળ ખાસ ઝુંબેશ મેળો અગામી તા.૫/૫/૨૦૦૭ ના રોજ સેન્ટ્રલ ઝોન ખાતે, તા.૮/૫/૨૦૦૭ ના રોજ ઈસ્ટ(વરાછા) ઝોન ખાતે તા.૯/૫/૨૦૦૭ ના રોજ સાઉથ(ઉધના)ઝોન ખાતે તથા તા.૧૧/૫/૨૦૦૭ નાં રોજ સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોન મુકામે યોજાશે, જનો બાકી કરદાતાઓએ લાભ લેવા અપીલ કરવામાં આવેલ.

TOP

# વ્યવસાય વેરા ઝુંબેશ હેઠળ અઠવા ઝોનની કામગીરી

ગુજરાત સરકાર નાણાં વિભાગના તા.૩૦/૩/૨૦૦૭ ના હુકમ અનુસાર વ્યવસાય વેરા સમાધાન યોજના–૨૦૦૭ અંતર્ગત આજરોજ તા.૨૬/૪/૨૦૦૭ના રોજ વેસ્ટ ઝોન(રાંદેર) ખાતે ઝુંબેશ મેળો યોજવામાં આવેલ જેમા ૬૮ વ્યવસાયીઓ નવા નોંધી તે પેટે રૂા.૪૮,૭૫૦/–વસુલ લેવામા આવેલ છે.

તેજ પ્રમાણે તા.૩૦/૪/૨૦૦૭ના રોજ સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન ખાતે સમાધાન યોજના અનવ્યે ઝુંબેશ મેળાનું આયોજન કરવામાં આવેલ છે અને તે પેટેરૂા.૭૯,૬૦૦/–વસુલાત કરવામાં આવેલ છે. તથા જુના રજીસ્ટ્રેશન પેટે કુલ ૧૫ વ્યવસાયકર્તા એ રૂા.૨૦,૨૫૦/– જમા કરાવેલ છે.



આજ રોજ સાઉથવેસ્ટ (અઠવા)ઝોન ખાતે સમાધાન યોજનાની વિસ્તૃત જાણકારી/માહિતી આપી વ્યસાયકર્તાઓને રજીસ્ટ્રેશન કરાવવા ડેપ્યુટી કમિશનર (પ.અને.ઈ) અને નોડલ ઓફિસર (વ્યવસાય વેરા) શ્રી સી.જે.ગામીતે અપીલ કરેલ છે. તેમજ ડેપ્યુટી કમિશનર (સ્પે.)શ્રી પ્રદિપસિંહ ઝાલા દ્વારા બાકી રહેલા વ્યવસાયકર્તાઓ તાકીદે વ્યવસાયવેરો ભરવા અને આ યોજનાનો લાભ લેવા અપીલ કરેલ છે ઝુંબેશ મેળામાં ઝોનલ ઓફિસરશ્રી કે. એસ.દેસાઈ, એસેસમેન્ટ એન્ડ રીકવરી ઓફિસરશ્રી બી.એલ. પટેલ,મુખ્ય દુકાનધારા નિરીક્ષકશ્રી ડી.સી.પટેલ,ગુમાસ્તાધારા નિરીક્ષકો તથા અન્ય સ્ટાફ હાજર રહી આ ઝુંબેશને સફળ બનાવી હતી.

વ્યવસાય વેરા સમાધાન યોજના –૨૦૦૭ અન્વયે જે વ્યવસાયીઓ પોતાનો વ્યવસાય વેરો ભરવાનો રહી ગયો હોય તેવા વ્યવસાયીઓને તા.૩૧/૫/૨૦૦૭ સુધી તેઓનો વ્યવસાય વેરો ભર્યેથી વ્યાજ તેમજ દંડની રકમ ભરવામાંથી મુકિત આપવામાં આવેલ છે.

આ સમાધાન યોજના હેઠળ ખાસ ઝુંબેશ મેળો આગામી દિવસોમાં તા.૨/૫/૨૦૦૭ ના રોજ નોર્થ(કતારગામ)ઝોન ખાતે , તા.૫/૫/૨૦૦૭ ના રોજ સેન્ટ્રલ ઝોન ખાતે, તા.૮/૫/૨૦૦૭ ના રોજ ઈસ્ટ(વરાછા)ઝોન ખાતે, તા.૯/૫/૨૦૦૭ ના રોજ સાઉથ(ઉધના)ઝોન ખાતે તથા તા.૧૧/૫/૨૦૦૭ ના રોજ સાઉથઈસ્ટ(લિંબાયત)ઝોન મુકામે યોજાશે.જેમા આ યોજનાનો લાભ લેવા વ્યવસાય વેરો ભરવા તમામ વ્યવસાયીઓને વ્યાજ અને દંડ માંથી મુકિત મેળવી યોજનાનો લાભ લેવા અપીલ/વિનંતી કરવામાં આવે છે.

TOP

## સુરત મહાનગર સેવાસદનના યુ. સી. ડી. કેન્દ્ર ધ્વારા એસ.જે.એસ.આર.વાય.ના લાભાર્થીઓને પ્રમાણપત્ર, એવોર્ડ, વિતરણ.

'નિર્મળ ગુજરાત નિર્મળ સુરત– ૨૦૦૭'ની ચાલુ વર્ષના ઉજવણી અંતર્ગત તા.૧૪ એપ્રિલ આંબેડકર જયંતિથી ૧લી મે ગુજરાત રાજય સ્થાપના દિન નિમિત્તે સુરત મહાનગર સેવા સદન દ્વારા સરકારશ્રીની સુચના અન્વયે યોજવામાં આવેલ સફાઈ અને સ્વચ્છતાના અભિયાનો તેમજ શહેરી ગરીબોની કલ્યાણકારી યોજના અંગેના કાર્યક્રમો પૈકી તા.૨૭/૪/૨૦૦૭ના શુક્રવારના રોજ યુ.સી.ડી. સમુદાય કેન્દ્ર,ખટોદરા મુકામે માન.મેયરશ્રી ડો.કનુભાઈ માવાણીના અધ્યક્ષ પદે યોજાયેલ સમારંભમાં એસ.જે.એસ.આર.વાય.ના લાભાર્થીઓને લોન મંજુર કર્યાના પત્ર તેમજ સ્વરોજગારલક્ષી તાલીમ પૂર્ણ કર્યા બદલ પ્રમાણપત્ર, સ્ટાઈફંડ ખને કીટ વિતરણ અને સંકટ મોચન યોજનાના લાભાર્થી બહેનોને (પ્રત્યેકને) રૂા.૧૦,૦૦૦/– ના ચેક મળે તે અંગેના ચેક વિતરણ સહિતના યોજવામાં આવેલ આ કાર્યક્રમમાં ડેપ્યુટી કમિશનર શ્રી મહેશસિંઘે જણાવ્યું કે, 'રાજય સરકાર અને સુરત મહાનગર સેવા સદન દ્વારા શહેરી ગરીબોના કલ્યાણ માટે ગરીબી હટાવવાના તમામ પાસાઓને સાંકળી લેતી ગરીબી સમૃધ્ધિ યોજના અમલમાં આવી રહી છે. આજના આ કાર્યક્રમ ત્રિવેણી સંગમ એટલે એસ. જે.એસ.આર.વાય.ના તાલીમાર્થીઓને ટુલ કીટ અને પ્રમાણપત્ર, ધંધો કરવા ઈચ્છાતા લોકોને લોન મંજુરીનો પત્ર અને કુટુંબ પર આવી પડેલ સંકટમાં મદદરૂપ થનાર એવી 'સંકટ મોચન યોજના'ના ચેક વિતરણ કાર્યક્રમમાં ઉપસ્થિત માન.મેયરશ્રી ડો.કનુભાઈ માવાણી, ડેપ્યુટી મેયરશ્રી સુષ્માબેન અગ્રવાલ,શાસક પક્ષના નેતાશ્રી રાજેશભાઈ દેસાઈ, સમાજ કલ્યાણ,આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિ સમિતિના ચેરમેન શ્રીમતિ છાયાબેન ભુવા, વિસ્તારના સદસ્યશ્રીઓ, તેમજ યોજનાના લાભાર્થીઓ અને સુરત મહાનગર સેવા સદનના અધિકારીશ્રીઓને હદયપુર્વક આવકારી આ યોજનાનો લાભ મહત્મ જરૂરીયાત લોકો સુધી પહોંચે તેવા અમારા પ્રયત્ન રહેશે એમ જણાવેલ.



ઉપસ્થિત તમામ મહાનુભાવોનું પુસ્તક અપર્ણ કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. યુ.સી.ડી. વિભાગના ચીફ પ્રોજેકટ ઓફિસરશ્રી નરેશ વ્યાસે યુ.સી.ડી.વિભાગ સંચાલિત વિવિધ યોજનાઓની માહિતી આપતા જણાવ્યું કે, ભારતની લોકશાહીની પ્રણાલિકાને સમાજના છેવાડાના માનવી સુધી પહોંચાડવા માટેની કઠિન કામગીરી આ વિભાગ દ્વારા હાથ ધરાય છે,જેમા લક્ષ્યાંક સિધ્ધિ તો ૧૫–૨૦ વર્ષે દૃશ્યમાન થઈ શકે. પરંતુ ત્યાં સુધી આ જે લોકશાહીની કાર્યપધ્ધતિની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. તેનો સઘન અમલ થાય અને તેના થકી વ્યકિત પોતાની સાથે પોતાના સમુહનો પણ વિકાસ કરે. સંસ્કારની સરિતા વહાવે તો સુરત સ્વચ્છ બને, નિર્મળ બને.

એસ. જે.એસ.આર.વાય.યોજના હેઠળ સુરભિ, સર્વોદય,ખટોદરા, અને પંચરત્ન મહિલા મંડળના તાલીમના ૮૦ લાભાર્થીઓને ટુલ કીટ, સ્ટાઈફંડ અને પ્રમાણપત્ર વિતરણ ઉપસ્થિત મહાનુભવોના હસ્તે કરવામાં આવ્યું હતું.

મુખ્ય મહેમાન પદેથી માન.મેયરશ્રી ડો.કનુભાઈ માવાણીએ જણાવ્યુ કે, આ તાલીમની મેળવેલ ટુલ કીટનો સદ્ઉપયોગ કરીને તમે તમારા કુટુંબમાં પૂરક રોજીનો ઉમેરો કરશો, અને મદદરૂપ બનશો. વિધવા બહેનોને આ સહાયના રૂપિયાનો ભવિષ્ય માટે વ્યવસ્થિત આયોજન કરીને ઉપયોગ કરવા માટે સુચવ્યુ હતુ. અને બેંકના લોન મંજૂરીના પત્રોને સાચવીને બેંક મેનેજરશ્રી પાસે જઈને મંજૂર થયેલા લોનના ચેક મેળવી સત્વરે તેનો ઉપયોગ કરી રોજી રોટી મેળવતા થાય, તેવી અભ્યર્થના વ્યકત કરી હતી.

અંતમાં સમાજ કલ્યાણ, આનંદ પ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિના ચેરમેન શ્રમતિ છાયાબેન ભુવાએ ઉપસ્થિત રહેલ મહાનુભાવો, અધિકારીગણ, લાભાર્થીઓ તેમજ કર્મચારીઓનો આભાર વ્યકત કરી યોજનામાં થયેલ સારી કામગીરી ભવિષ્યમાં પણ ઉપયોગી થશે એવી આશા વ્યકત કરી આભાર માન્યો હતો.

TOP